# પધારો મ્હારે દેશ....



શિવરંજની ગાંધીનગર દ્વારા તા.૨૮-૯-૨૦૧૮ ના રોજ ગાંધીનગરના ટાઉનહોલમાં રાજસ્થાની ગીત સંગીતનો 'પધારો મ્હારે દેશ' નામનો કાર્યક્રમ યોજાઈ ગયો. સંસ્થાના સર્વે ગુણીજનો એ વાતથી જ્ઞાત છે કે નિર્મળ અને સંસ્કૃતિને ઉજાગર કરે તેવાં એકદમ અનોખા કાર્યક્રમ કરવા માટે શિવરંજની કટિબદ્ધ છે અને તે પ્રમાણે જ થતું આવ્યું છે.

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખશ્રીએ રાજસ્થાની ગીત સંગીતનાં 'પધારો મ્હારે દેશ' કાર્યક્રમ બાબતે જણાવ્યું કે સંસ્થાએ તેના સિધ્ધાંતને વળગી રહીને એક તદ્દન ભિન્ન પ્રકારનો કાર્યક્રમ આપવાનું બીડું ઝડપ્યું છે જે અનુસાર રાજસ્થાનની લાંગા જાતિના પ્રખ્યાત એવાં કલાકારોને આમંત્રિત કર્યા છે કે જેમણે દેશ વિદેશમાં અનેક કાર્યક્રમો કર્યા છે. ઉપસ્થિત કલાકારોમાંથી મોટાભાગનાં એ લગભગ ચાલીસથી પચાસ દેશોનો પ્રવાસ ખેડ્યો છે અને એક કલાકાર તો બે ત્રણ દિવસમાં જ પ્રસિદ્ધ તબલાં વાદક શ્રી ઝાકીર હુસૈન સાથે સંગત કરનાર છે જેથી આવાં જવલ્લે જ માણવા મળે તેવા કલાકારોને માણવા સંસ્થાના પ્રમુખ શ્રી વાગ્મિન બુચે આગળનો દોર કલાકારોને સોંપ્યો.

કલાકારોએ કાર્યક્રમનો શુભારંભ ઈશ્વરની સ્તુતિથી કર્યો જેમાં માં ભવાનીના સ્તોત્રથી એકદમ ઊંચા સ્વરમાં શરૂઆત થતાં જ અણસાર આવી ગયો કે સમગ્ર કાર્યક્રમ ઉર્જાસભર રહેવાનો છે. માં ભવાની તથા શ્રી ગણેશ ઉપરાંત બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની વંદના એક સાથે કરતી આ સ્તુતિ સુંદર ગાયકી સાથે રજૂ થઈ. સ્તુતિ એટલી પ્રભાવી રીતે રજૂ થઈ કે તેને ધ્યાનથી સાંભળતાં એવો ભાસ થયો કે શ્રી ગણેશનો ઉલ્લેખ કરવાની પંક્તિમાં 'ઉંચેરા આસને બિરાજો મહારાજ રે...' શબ્દોમાં ઉંચેરા શબ્દ અને બિરાજો શબ્દના ઉચ્ચારો એવી સુંદર રીતે અને એવી હરકતો સાથે કર્યા કે જાણે તે સાંભળતાં આસનની ઊંચાઈનો આભાસ થાય અને બિરાજો શબ્દનો ઉચ્ચાર એવી નાજુકાઈથી કર્યો કે શ્રી ગણેશને બિરાજવા કરેલી આજીજી વ્યક્ત થતી હોય એમ લાગે. ઈશ્વરની સ્તુતિ પછી રાજસ્થાનના એક પછી એક લોક ગીતો રજુ થયાં.

રજૂ થયેલાં દરેક ગીતોની અને દરેક કલાકારોની ખાસિયત એ હતી કે દરેક રચના ખુબ જ ઉંચા સૂરમાં અને ભરપૂર એનર્જી સાથે રજૂ થઈ. ખાસ વાત એ ગણી શકાય કે પ્રત્યેક ગીત કોઈ એક જ કલાકાર દ્વારા રજુ થતું ન હતું. એક ગીતમાં ત્રણથી ચાર કલાકારો પોતાનો સૂર આપતાં હતાં સામાન્ય રીતે યુગલ ગીત હોય તો બે વચ્ચેનું સંકલન સરળ બને પણ રજુ થયેલાં ગીતોમાં ઘણીવાર એક કડીમાં અમુક શબ્દો એક કલાકાર ગાય અને બાકીનાં શબ્દો બીજાં બે કલાકારો કોઈપણ જાતનાં રસભંગ વગર ઉપાડી લે... ઝીલી લે અને તેનાથી સ્વર ક્યારે જુદો પડે છે તે કળવું મુશ્કેલ હતું. આટલું સુંદર કો ઓર્ડીનેશન ખરેખર દાદ માંગી લે તેવું હતું.

આપણાં ગુજરાતમાં જ બાર ગાઉએ બોલી બદલાય છે જ્યારે આ તો ભલે પડોશી રાજ્ય પણ જુદી જ અને ખાસ લઢણ ધરાવતી ભાષા ધરાવતાં રાજ્યનાં સંગીતની વાત હતી એટલે ત્યાંના ગીતો અને તેમાંય ત્યાંના લોક સંગીતનાં શબ્દો સમજાય એવા ના હોવાં છતાં એકે એક ગીતની રજુઆત ઉપર આફરીન થઈ જવાય એવો તેમનો તાલમેલ અને કાર્યક્રમને સતત જીવંત બનાવી રાખે તેવી એનર્જીથી માહોલ ઉત્સાહપૂર્ણ બની રહ્યો. કાર્યક્રમમાં કેટલાંક રાજસ્થાની ગીતો એવાં હતાં કે જેના શબ્દોને પકડવા મુશ્કેલ લાગે છતાં તે કલાકારોની વિશિષ્ટ ગાયન શૈલીને કારણે કર્ણપ્રિય રહ્યાં...ખાસ કરીને તેમના ઉંચા સ્વર, ગીતની વચ્ચે લેવાતી હરકતો વગેરેએ આકર્ષણ જમાવી રાખ્યું. આવાં અમુક ગીતો પછી કેટલાંક જાણીતા રાજસ્થાની ગીતો જેવાં કે નીંબુડા નીંબુડા... કેસરિયા બાલમ પધારો મ્હારે દેશ રે... ઘુમર..ઘુમર... (આમ તો હિંદી ચલચિત્ર પદ્માવતનું લોકપ્રિય થયેલું ગીત છે પણ તેનું ઓરીજીનલ રાજસ્થાની વર્ઝન રજુ કર્યું), દમાદમ મસ્ત કલંદર...વગેરે રજુ થયાં તો ઢોલી તારો ઢોલ વાગે.. અને પંખીદા રે ઉડી જાજે પાવગઢ રે...જેવી રચનાઓએ ગરબાં નો માહોલ ઉભો કર્યો અને કાર્યક્રમને જીવંત બનાવી દીધો.

કાર્યક્રમનું આકર્ષક અને પ્રેક્ષકોને તલ્લીન કરનારું પાસું રાજસ્થાની નૃત્ય હતું. બે મહિલાઓએ એકદમ કલરફુલ ડ્રેસ સાથે તેમની શારીરિક ચપળતા વ્યક્ત કરે તેવાં નૃત્યો રજુ કર્યા જેમાં નૃત્ય ચાલું હોય તે દરમિયાન જ તાસક ઉપર પગ મુકીને અને ત્રણ તલવાર ઉપર પગ મુકીને જે ચપળતાં સાથેની નૃત્ય કુશળતાં દાખવી તે ખરેખર અદભૂત અને અજાયબી પમાડે તેવી હતી. નૃત્ય દરમિયાન જ કમ્મર આગળથી ઉંધી બાજુએ વળીને રુપિયા સો ની નોટ મોઢામાં લઈ લેવાની કળા ઉપર આફરીન પોકારી જવાય એવું હતું. નૃત્ય દરમિયાન ત્રણ ગાગર અને ઉપર બે નાના કળશ એમ પાંચ પાંચની હાર હોય છતાં સમતોલન જાળવવાના તેમનાં પ્રયત્નનો અણસાર પણ ના આવે તેવી સહજતાથી રજુ થયેલાં નૃત્યોએ કાર્યક્રમને બહુરંગી બનાવ્યો.

કાર્યક્રમ અંત તરફ આગળ વધી રહ્યો હતો ત્યારે સૌથી રસપ્રદ બે અનોખી કલા રજુ થઈ. એક કલાકારે લાકડીના ચાર નાના ટુકડા દરેક હાથમાં બે ટુકડા જેને ખડતાલ કહે છે તેના દ્વારા નોખાં નોખાં સૂર રજુ કર્યા જેમાં ઘોડાની ચાલમાં આવતો ડાબલાનો અવાજ જેમાં ઝડપથી ચાલે તેનો અને ધીમો પડે ત્યારે તેની રવાલ ચાલના અવાજે એક ઘોડાની હાજરી હોલમાં હોય એવો અનુભવ કરાવ્યો. બીજી એક કલા ત્રણ કલાકારોની ત્રિપુટીએ રજુ કરી જેમાં બે કલાકારોએ ભપંગ નામના વાજિંત્રનાં જુદા જુદા સાઝ રજુ કર્યાં. આ વાજિંત્રનો પરિચય આપતાં કલાકરોએ જણાવ્યું કે ભ એટલે ભોલેનાથ ..શિવજી, પ એટલે પંડિત એટલે કે વિષ્ણુ અને ગ એટલે ગોરખનાથ બાબા એમ આ ત્રણ અક્ષરો ઉપરથી ભપંગ નામ પડ્યું છે. આ કલાકારોએ ભપંગથી એટલાં સુંદર સાઝ રજુ કર્યા કે કેટલીક ધૂન ઉપર પ્રેક્ષકોએ તાળીઓથી સાથ પુરાવ્યો જેનાથી સમગ્ર હોલ સંગીતમય બની ગયો. શાયરીના માધ્યમથી સુંદર અને રોચક વાતો કરી જેમાં મનુષ્યનાં રોજિંદા જીવનમાં, શિક્ષણમાં, હોસ્પિટલમાં વગેરે ક્ષેત્રોમાં 'ટર' શબ્દ કેવો ભાગ ભજવે છે એવી રમૂજ સાથેની વાસ્તવિકતાનો ચિતાર સંગીતમય ઢબે આપ્યો જેમ કે રોજિંદા જીવનમાં ટમાટર શિક્ષણમાં માસ્ટર, ઈન્સપેક્ટર, મોનીટર વગેરે જ્યારે હોસ્પિટલમાં ડોક્ટર, સીસ્ટર વગેરે. આ બધી જ વાત પ્રેક્ષકો માટે રોચક વાત બની રહી.

એકંદરે શિવરંજનીનો અનોખા કાર્યક્રમ પીરસવાનો પ્રયત્ન સફળ રહ્યો. મનોરંજન માટે એક સહજ અને સરળ સાધન તરીકે રેડિયો, ટીવી જેવા માધ્યમોથી આપણને આપણા સંગીતનો પરિચય હોય જ છે એટલે તે માણવાનું ગમતું જ હોય છે છતાં આપણાં સંગીતને માણી માણીને કંઈક અનોખી ઝંખના દિલનાં કોઈ ખૂણે સંતાયેલી હોય ત્યારે આ પ્રકારના તદ્દન અનોખી ભાત પાડતાં તદ્દન નોખાં કાર્યક્રમ દિલને ગમતાં હોય છે કેમ કે જુદી સંસ્કૃતિની વિવિધ બાબતો તેમનાં સંગીતમાં કેવી સુપેરે ગુંથી લેવામાં આવી છે તેની પ્રતિતિ થતી હોય છે. આ બાબતે શિવરંજનીને અભિનંદન.

**- નરેશ ઝીંઝુવાડિયા**

# સ્વાઈન ફ્લુથી બચવા માટે ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા. ૩

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા અને મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિધાપીઠની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સંયુકત રીતે સ્વાઈન ફ્લુથી બચવા માટેના ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના વિદ્યાર્થીઓની સાથે સાથે સાદરા ગામના લોકો માટે સ્વાઈન ફ્લુથી બચવા માટેના ઉકાળાનું વિતરણ માટે ત્રણ સ્ટોલ લાગવામાં આવ્યા હતા.

સાથે સાથે કલ્યાણપુરા અને માધવગઢના લોકો માટે પણ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું બધા જ ગામના સ્કૂલના વિદ્યાર્થીઓને પણ ઉકાળો પીવડાવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકોએ કામગીરી નિભાવી છે. આ કાર્યક્રમના આયોજનમાં ડૉ. કનુભાઈ વસાવા, ડૉ. નયનેશભાઈ વસાવા, મુકેશભાઈ રહેવર અને ડૉ. નીરજ સિલાવટનો સરાહનીય ફાળો રહ્યો હતો.



## જન્મદિને વધામણી



અંજનાબેન મહેશકુમાર રાવલ
મો. ૯૪૨૬૬ ૩૩૦૬૭




કાન્તિભાઈ એમ. પ્રજાપતિ
મો. ૯૪૨૬૩ ૨૮૦૦૬



દિલીપકુમાર જાની
મો. ૯૪૨૮૮૦૩૦૨૯



હર્ષિલ હરેશકુમાર જોષી
મો. ૭૯૮૪૨ ૨૩૩૫૯



શુભમ ચૌધરી

# રૂબીક્સ ક્યુબ સ્પર્ધામાં એસ. જી. અંગ્રેજી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ બાજી મારી



શનિવારના રોજ કડી કેમ્પસમાં આવેલ નાથીબા હોલમાં ઈન્ટર સ્કૂલ રૂબીક્સ ક્યુબ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વ વિદ્યાલય કેમ્પસની શાળાઓના ૫૦૦૦ બાળકોમાંથી સિલેક્ટ થયેલા ૧૨૦ વિદ્યાર્થીઓ વચ્ચે કયુબ સ્પર્ધાનું આયોજન થયું . આ સ્પર્ધામાં કુલ ૧૪ મેડલમાંથી ૮ મેડલ એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ધોરણ-૬,૭,૮ના વિદ્યાર્થીઓએ મેળવ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય મિલી સિંઘ દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# આઈએનઆઈએફડીમાં ફ્રેશર્સ પાર્ટી



આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા નવી બેચના વિદ્યાર્થીઓનું સ્વાગત કરવા માટે ફ્રેશર્સ પાર્ટી નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નવા અને જુના વિદ્યાર્થીઓએ મન મૂકીને ડાન્સ કર્યો હતો, લેટેસ્ટ પાર્ટી સોન્ગ્સ પર યુવાઓ ઝૂમી ઉઠ્યાં હતાં. નવી બેચમાંથી સારો ડાન્સ કરનાર વિદ્યાર્થી અને સુંદર ડ્રેસ પહેરનાર વિદ્યાર્થિનીની મિસ્ટર ફ્રેશર અને મિસ ફ્રેશર તરીકે પસંદગી કરવામાં આવી હતી.

# સરકારી વિનયન કોલેજમાં 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ



સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫ ગાંધીનગરના એન.સી.સી. દ્વારા ''સ્વછતા હી સેવા'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિત્ર સ્પર્ધા અને ''વોલ પેઈન્ટિંગ'' દ્વારા પર્યાવરણ જાગૃતિ અંગે સંદેશ પાઠવવામા આવ્યો હતો. જેમાં ઉત્સાહપૂર્વક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.સી.સી. ઓફિસર પ્રો.અજય બી વાળંદ દ્વારા કરવામાં આવ્યું હતું.



સરસ્વતિ ઈન્સટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ ખાતે 'ફાર્મા રમઝટ-૨૦૧૮' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં કૉલેજના બી. ફાર્મ., એમ. ફાર્મ તથા ફાર્મ. ડી.ના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સવારના ૯ થી ૧૨ વાગ્યા સુધી રાસ-ગરબાનો આનંદ લીધો હતો. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે શ્રેષ્ઠ ગરબા કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

## ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજમાં ગાંધી જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા. ૩

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ની ઉજવણી દેશભરમાં થઈ રહી છે ત્યારે ગાંધીનગરની ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં પણ તેની ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત પ્રભાતફેરી, સર્વધર્મ પ્રાર્થના અને ગાંધીજીના વિચારોનું વાંચન તેમજ ગાંધીજીને પ્રિય તેવાં ભજનોનું ગાયન સાથે સાથે ઉપસ્થિત સૌએ સ્વચ્છતા અંગેના શપથ પણ લીધા હતા. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ જોડાયો હતો. પ્રિ. ડૉ. અમૃતાબેન પટેલ, ઉપાચાર્ય ડૉ. પ્રણવભાઈ જોષીપુરાનાં માર્ગદર્શન હેઠળ પ્રો.ઓ. ડૉ. એન.ડી.દવે એ સમ્રગ કાર્યક્રમ નું સંચાલન કર્યું હતું.

# મહાત્મા ગાંધીની નિકટ રહેલાં આઠ મહિલાઓ

તમે મહાત્મા ગાંધીની તસ્વીરોને ધ્યાનપૂર્વક નિહાળી છે? મોટાભાગના ફોટોગ્રાફ્સમાં ગાંધીજીની ચોતરફ લોકોની ભીડ જોવા મળે છે. એ ભીડમાં કેટલાક લોકો એવા છે જેને લગભગ દરેક ભારતીય નાગરિક જાણે છે. દાખલા તરીકે- કસ્તુરબા, જવાહરલાલ નેહરુ કે સરદાર પટેલ. જોકે, કેટલીક વ્યક્તિઓ એવી છે જેના વિશે લોકો બહુ ઓછું જાણે છે. મોહનદાસ કરમચંદ ગાંધીના વિચારોને કારણે તેમની અત્યંત નજીક રહેલી કેટલીક મહિલાઓ વિશે જાણવું રસપ્રદ થઈ પડશે.

**ગાંધીયાત્રા**

આ મહિલાઓની જિંદગીમાં ગાંધીજીનો ગાઢ પ્રભાવ રહ્યો હતો. મહાત્માજીએ જે રસ્તા પર ચાલવાનું પસંદ કર્યું હતું એ રસ્તે ચાલીને આ મહિલાઓ આગળ વધી હતી.

**મેડેલીન સ્લેડ ઉર્ફે મીરાબહેન (૧૮૯૨-૧૯૮૨)**



મેડેલીન બ્રિટિશ એડમિરલ સર એડમંડ સ્લેડનાં પુત્રી હતાં. એક બ્રિટિશ ઓફિસરના દીકરી હોવાને કારણે તેમનું જીવન શિસ્તબદ્ધ હતું.

મેડેલીન જર્મન પિયાનોવાદક તથા સંગીતકાર બિથોવનના સંગીતમાં ગળાડૂબ હતાં. તેથી તેઓ ફ્રાન્સના બુદ્ધિજીવી રોમા રોલાંના સંપર્કમાં આવ્યાં હતાં. રોમેન પોલેન્ડે સંગીતકારો માત્ર વિશે જ નહીં, મહાત્મા ગાંધીજીની જીવનકથા પણ આલેખી હતી.

ગાંધીજી વિશેની રોમેન રોલેન્ડની બાયોગ્રાફીથી મેડેલિન બહુ પ્રભાવિત થયાં હતાં. ગાંધીજીનો મેડેલીન પર પ્રભાવ એટલો છવાયેલો હતો કે તેમણે ગાંધીજીએ ચિંધેલા માર્ગે જિંદગી જીવવાનો નિશ્ચય કર્યો હતો. ગાંધીજી વિશે વાંચીને રોમાંચિત થયેલાં મેડેલીને તેમને પત્ર લખ્યો હતો અને આશ્રમ આવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

૧૯૨૫ના ઓક્ટોબરમાં મુંબઈ થઈને અમદાવાદ પહોંચેલાં મેડેલીને શરાબપાન છોડ્યું હતું, શાકાહારી બન્યાં હતાં, ખેતી કરવાનું શીખ્યાં હતાં અને મહાત્માજીનું અખબાર 'યંગ ઈન્ડિયા' વાંચતા થયાં હતાં. ગાંધીજી સાથેની પહેલી મુલાકાતનું વર્ણન મેડેલીને આ શબ્દોમાં કર્યું છે : 'હું ઓરડામાં પ્રવેશી ત્યારે સામે બેઠેલો એક દુબળો પુરુષ સફેદ ગાદી પરથી ઊઠીને મારી તરફ આવ્યો હતો.'

'હું જાણતી હતી કે એ બાપુ હતા. મેં પારાવાર હર્ષ અને શ્રદ્ધાની લાગણી અનુભવી હતી. મારી સામે એક દિવ્ય પ્રકાશ દેખાતો હતો.'

'હું બાપુના ચરણમાં ઝૂકીને બેસી ગઈ હતી. તેમણે મને ઉઠાડીને કહ્યું હતું - તું મારી દીકરી છે.'

એ દિવસથી મહાત્મા અને મેડેલીન વચ્ચે એક અલગ સંબંધ સ્થપાઈ ગયો હતો. પછી મેડેલીનનું નામ મીરાબહેન પડી ગયું હતું.

**નીલા ક્રેમ કૂક (૧૯૭૨-૧૯૪૫)**



આશ્રમમાં તેમને લોકો નીલા નાગિની કહીને બોલાવતા હતા. ખુદને કૃષ્ણની ગોપી ગણતાં નીલા માઉન્ટ આબુમાં એક સ્વામી સાથે રહેતાં હતાં. અમેરિકામાં જન્મેલાં નીલા મૈસૂરના રાજકુમારના પ્રેમમાં પડ્યાં હતાં. તેમણે ૧૯૩૨માં ગાંધીજીને બેંગલુરુથી પત્ર લખ્યો હતો. આભડછેટની વિરુદ્ધમાં કરવામાં આવી રહેલાં કામો વિશે તેમણે એ પત્રમાં ગાંધીજીને જણાવ્યું હતું. બન્ને વચ્ચે પત્રોનો સિલસિલો ત્યાંથી શરૂ થયો હતો. ૧૯૩૩ના ફેબ્રુઆરીમાં ગાંધીજી સાથે નીલાની મુલાકાત યરવડા જેલમાં થઈ હતી. ગાંધીજીએ નીલાને સાબરમતી આશ્રમમાં મોકલ્યાં હતાં. સાબરમતી આશ્રમમાં થોડા સમય પછી જ નવા સભ્યો સાથે તેમને ખાસ જોડાણની અનુભૂતિ થવા લાગી હતી.

ઉદાર વિચારધારા ધરાવતાં નીલા માટે આશ્રમ જેવા એકાંતભર્યા માહોલમાં રહેવાનું મુશ્કેલ બન્યું હતું. એક દિવસે આશ્રમમાંથી ભાગી છૂટેલાં નીલા થોડા સમય પછી વૃંદાવનમાં મળી આવ્યાં હતાં. થોડા સમય પછી તેમને અમેરિકા મોકલી દેવામાં આવ્યાં હતાં. અમેરિકામાં તેમણે ઈસ્લામ ધર્મ અંગિકાર કર્યો હતો અને કુરાનનો અનુવાદ કર્યો હતો.

**સરલાદેવી ચૌધરાની (૧૮૭૨-૧૯૪૫)**

સૌમ્ય દેખાતાં સરલાદેવી ઉચ્ચ શિક્ષણ પામેલાં હતાં અને ભાષાઓ, સંગીત તથા લેખનમાં તેમને ઊંડો રસ હતો. તેઓ રવિન્દ્રનાથ ટાગોરના ભત્રીજી પણ હતાં. ગાંધીજી લાહોરમાં સરલાદેવીના ઘરે જ રોકાયા હતા. એ સમયે સરલાદેવીના સ્વતંત્રતા સેનાની પતિ રામભુજ દત્ત જેલમાં હતા. બન્ને એકમેકની ઘણાં નજીક રહ્યાં હતાં. ગાંધીજી અને સરલાદેવી એકમેકની કેટલાં નિકટ હતા તેનો અંદાજ એ વાત પરથી સમજી શકાય કે ગાંધીજી સરલાદેવીને તેમના 'આધ્યાત્મિક પત્ની' ગણાવતા હતા.



એ પછીના સમયમાં ગાંધીજીએ સ્વીકાર્યું હતું કે એ સંબંધને કારણે તેમનું લગ્નજીવન તૂટતાં બચ્યું હતું. ગાંધીજી અને સરલાદેવીએ ખાદીના પ્રચાર માટે ભારતભ્રમણ કર્યું હતું.

(ક્રમશઃ)